# ડૉ.વિજય કેળકરને નેશનલ બલ્ક હેન્ડલિંગ કોર્પોરેશનના ચેરમેન નિયુક્ત કરાયા

અમદાવાદ, સોમવાર

ભારતની સૌથી વિશાળ ખાનગી એગ્રી-વેરહાઉસિંગ પ્રદાતા નેશનલ બલ્ક હેન્ડલિંગ કોર્પોરેશન (એનબીએચસી) દ્વારા નામાંકિત હસ્તી અને પદ્મવિભૂષણ વિજેતા ડૉ.વિજય કેળકરની સ્વતંત્ર ડાયરેકટર અને ચેરમેન તરીકે નિયુકત કરીને તેના બોર્ડને વધુ મજબૂતી આપવામાં આવી છે.

પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રી અને નાણાં મંત્રાલયની આર્થિક બાબતોના માજી સલાહકાર ડૉ.અજય એન.શાહને પણ આ સાથે સ્વતંત્ર ડાયરેકટર નિયુકત કરાયા છે.

આ નિયુકિતઓ વિશે બોલતાં કંપનીના મેનેજિંગ ડાયરેકટર અને સીઈઓ અનિલ ચૌધરીએ જણાવ્યું હતું કે અમારા બોર્ડમાં બે પ્રતિષ્ઠિત વ્યાવસાયિકોની નિયુકિતનું અમે સ્વાગત કરીએ છીએ.

જેમાં આઈવીએફએ ખાતે ભાગીદારો દિવ્ય સહગલ, શ્રીકૃષ્ણ દ્વારમ, વિક્રમ, નિરુલા અને પ્રમોદ કાબ્રા બોર્ડમાં સંપૂર્ણ સમયના ડાયરેકટર તરીકે પદભાર સંભાળી લેશે.